# FREQUENTLY ASKED QUESTION

## હાલના કરદાતાઓને જી.એસ.ટી. સિસ્ટમ પોર્ટલ પર એનરોલમેન્ટ કરવા

## ભાગ ૧ : જનરલ માહિતી

### 1. વર્તમાન કરદાતા કોણ છે?

વર્તમાન કરદાતા એટલે એવી વ્યક્તિ છે કે, જે નીચેના પૈકી કોઈ એક કાયદા હેઠળ હાલ નોંધાયેલ હોય.

- આબકારી જકાત (સેન્ટ્રલ એકસાઇઝ)
- સેવા કર (સર્વિસ ટેક્ષ)
- રાજય વેચાણ વેરો (વેટ) (રાજયના વેચાણવેરા હેઠળ નોંધાયેલા આલ્કોહોલના વેપારીશ્રીઓ સિવાયના)
- પ્રવેશ કર (એન્ટ્રી ટેક્ષ)
- સુખસુવિધા કર (લકઝરી ટેક્ષ)
- મનોરંજન કર (પ્રાદેશિક સત્તામંડળ દ્વારા ઉઘરાવવામાં આવતો હોય તે સિવાયનો) (મનોરંજન કર)

### 2. જી.એસ.ટી સીસ્ટમ પોર્ટલ પર "એનરોલમેન્ટ" નો અર્થ શું છે ?

જી.એસ.ટી સીસ્ટમ પોર્ટલ પર "એનરોલમેન્ટ એટલે વર્તમાન કરદાતાની માહિતીની ખરાઇ તેમજ ખૂટતી અગત્યની માહિતી ભરવી.

### 3. શું મારે જી.એસ.ટી કાયદા હેઠળ એનરોલ કરવું પડશે?

વર્તમાન તમામ કરદાતા કે જે પ્રશ્ન ૧ માં જણાવેલ કાયદા હેઠળ નોંધાયેલ છે, તેમનો નોંધણી નંબર જી.એસ.ટીમાં તબદીલ કરવામાં આવશે. જી.એસ.ટીના એનરોલમેન્ટથી જી.એસ.ટી. શાસનમાં તબદીલી સરળતાથી થઇ શકશે. અલગ-અલગ વેરાકીય સત્તામંડળ પાસે રહેલ અધુરી માહિતીને લીધે નવેસરથી જ એનરોલમેન્ટ કરવાનું નક્કી થયેલ છે. વધુમાં, જી.એસ.ટી ડેટાબેઝમાં કરદાતાની અદ્યતન માહિતી હાલના કાયદામાં સુધારો કર્યા સિવાય ઉપલબ્ધ કરી શકાશે.

## 4. જી.એસ.ટી સીસ્ટમ પોર્ટલ પર યુઝર તરીકે મારે કેમ એનરોલ થવાની જરૂર છે?

પેપરલેસ એનરોલમેન્ટ માટે જી.એસ.ટી. સીસ્ટમ પોર્ટલ બનાવેલ છે. તે માટે કરદાતાએ જી.એસ.ટી. સીસ્ટમ પોર્ટલ પર યુઝર તરીકે એનરોલ થવું પડશે. જેથી કરદાતા જી.એસ.ટી. માટેના પત્રકો, વેરો ભરવાની સુવિધાઓ વગેરે સેવાઓ મેળવી શકશો.

## 5. જી.એસ.ટી સીસ્ટમ પોર્ટલ પર મારે કયારે એનરોલ થવાની જરૂર છે?

પ્રશ્ન ૧ માં દર્શાવેલ એકટ હેઠળ નોંધાયેલ કરદાતાઓને જી.એસ.ટી. સીસ્ટમ પોર્ટલ પર એનરોલ થવું જરૂરી છે. રાજ્ય વેટ અને સેન્ટ્રલ એકસાઇઝનાં કરદાતાઓ નવેમ્બર, ૨૦૧૬ થી એનરોલ થઈ શકશે અને સર્વિસટેક્ષ હેઠળ નોંધાયેલ કરદાતાઓ માટે એનરોલમેન્ટ માટેનો સમયગાળો અલગથી જણાવવામાં આવશે.

## 6. જી.એસ.ટી સીસ્ટમ પોર્ટલ પર ડીમ્ડ એનરોલમેન્ટ છે?

ના, જી.એસ.ટી. સીસ્ટમ પોર્ટલ પર ડીમ્ડ એનરોલમેન્ટ નથી. પ્રશ્ન ૧ માં દર્શાવેલ કાયદા હેઠળ નોંધાયેલ તમામ કરદાતાઓએ જી.એસ.ટી. સીસ્ટમ પોર્ટલ પર એનરોલ થવાનું રહેશે.

## 7. જી.એસ.ટી સીસ્ટમ પોર્ટલ પર એનરોલમેન્ટ માટે કોઇ ફી/ચાર્જ લેવામાં આવશે?

ના. જી.એસ.ટી. સીસ્ટમ પોર્ટલ પર એનરોલમેન્ટ માટે કોઇ ફી/ચાર્જ લેવામાં આવશે નહી.


## 8. જી.એસ.ટી સીસ્ટમ પોર્ટલ પર કરદાતાઓના એનરોલમેન્ટ માટે પ્રશ્ન ૧ માં દર્શાવેલ જુદા જુદા ટેક્ષ માટે જુદી જુદી પ્રક્રિયા છે?

ના. પ્રશ્ન ૧ માં દર્શાવેલ તમામ કાયદા માટે સમાન એનરોલમેન્ટ પ્રક્રિયા છે.

## 9. શું કરદાતાઓને જી.એસ.ટી.નાં રાજ્ય અને કેન્દ્રિય સત્તામંડળ હેઠળ અલગ – અલગ એનરોલ થવું જરૂરી છે?

ના. જો કોઇ વ્યક્તિ જી.એસ.ટી. કયદા હેઠળ એનરોલ થવા માંગતા હોય તો, તેઓએ જી.એસ.ટી. સીસ્ટમ પોર્ટલ પર અરજી કરવાની રહેશે. રાજ્ય જી.એસ.ટી. અને કેન્દ્રિય જી.એસ.ટી. માટે સમાન એનરોલમેન્ટ પ્રક્રિયા છે. વધુમાં, રાજ્ય જી.એસ.ટી.અને કેન્દ્રિય જી.એસ.ટી.માં સમાન નોંધણી, સમાન પત્રક અને સમાન ચલન રહેશે.

## 10. કામચલાઉ આઇ.ડી.નું શું ફોર્મેટ રાખેલ છે?




## 11. મારી પાસે જી.એસ.ટી સીસ્ટમ પોર્ટલ પર એનરોલ થતા પહેલા શી માહિતી/પુરાવાઓ તૈયાર હોવી જોઈએ?

જી.એસ.ટી. સીસ્ટમ પોર્ટલ પર એનરોલ કરતા પહેલા નીચે જણાવેલ માહિતી/પુરાવાઓ હોવા જોઇએ.

1. રાજ્ય/ કેન્દ્રિય સત્તામંડળ પાસેથી મેળવેલ કામચલાઉ આઇ.ડી.
2. રાજ્ય/ કેન્દ્રિય સત્તામંડળ પાસેથી મેળવેલ કામચલાઉ પાસવર્ડ
3. અધિકૃત ઇ-મેલ આઇ.ડી.
4. અધિકૃત મોબાઇલ નંબર
5. બેંક અકાઉન્ટ નંબર
6. બેંક આઇ.એફ.એસ.સી. (નંબર)

**<u>પુરાવાઓ</u>**

A. ધંધાનાં બંધારણનાં પુરાવા
   - ભાગીદારી પેઢીના કિસ્સામાં: ભાગીદારી પેઢીનો (ભાગીદારી) કરાર (PDF અને JPEG ફોર્મેટમાં - વધુમાં વધુ સાઇઝ 1 MB)
   - અન્ય કિસ્સામાં: ધંધાનું નોંધણી પ્રમાણપત્ર (PDF અને JPEG ફોર્મેટમાં વધુમાં વધુ સાઇઝ 1 MB)

B. પ્રમોટર્સ/ભાગીદારો/એચ.યુ.એફ. કર્તાનાં ફોટા (JPEG ફોર્મેટમાં વધુમાં વધુ સાઇઝ 100 KB)

C. અધિકૃત વ્યક્તિની નિમણૂંકનાં પુરાવા (PDF અને JPEG ફોર્મેટમાં વધુમાં વધુ સાઇઝ 1 MB)

D. અધિકૃત વ્યક્તિનો ફોટો (JPEG ફોર્મેટમાં વધુમાં વધુ સાઇઝ 100 KB)

E. બેંક પાસ બુકની પહેલુ પાનું/બેંક અકાઉન્ટ નંબર, બાન્ચ એડ્રેસ, ખાતા ધારકનું સરનામુ અને બેંક વ્યવહારોની વિગતો દર્શાવતું પાનુ (PDF અને JPEG ફોર્મેટમાં વધુમાં વધુ સાઇઝ 1 MB)

# ભાગ: ૨ સીસ્ટમ સંબધિત માહિતી

## 12. જ્યારે હું સિસ્ટમ પર પ્રથમ વખત લોગ-ઈન કરું ત્યારે મારે કયા યુઝર-નેમ ની જરૂર રહશે? શું હાલમાં નોંધાયેલ વેપારી તરીકે જે યુઝર-નેમ અને પાસવર્ડથી હાલમાં રાજ્યની વેબ-સાઈટ પર હું લોગ-ઈન થાવ છું, તે જ યુઝર-નેમ અને પાસવર્ડનો ઉપયોગ થઈ શકશે?

પ્રથમ વખત લોગ-ઈન માટે રાજ્ય તેમજ સેન્ટ્રલ ટેક્ષ ડીપાર્ટમેન્ટ દ્વારા આપવામાં આવેલ યુઝર-નેમ અને પાસવર્ડથી લોગ-ઈન કરી શકાશે. ત્યારબાદ જી.એસ.ટી. સીસ્ટમ પોર્ટલ પર એનરોલ સમયે આપનાં દ્વારા બનાવવામાં આવેલ લોગ-ઈન અને પાસવર્ડથી લોગ-ઈન કરવાનું રહશે.

## 13. પ્રથમ વખત લોગ-ઈન કર્યા બાદ કયુ યુઝર આઇડી. રાખી શકાય?

તમે તમારી પસંદગી મુજબ, કોઈ પણ યુઝર આઇડી. રાખી શકશો. પરંતુ નોંધણી સમયે આ યુઝર આઇડી. ડેટાબેઝમાં ઉપલબ્ધ હોવું જોઈશે.

## 14. જી.એસ.ટી સીસ્ટમમાં એનરોલમેન્ટ માટે મને યુઝર-નેમ અને પાસવર્ડ મળેલ ન હોય તો શું કરવું?

જો તમને યુઝર-નેમ અને પાસવર્ડ મળેલ ન હોય તો, તમારા કાર્યક્ષેત્ર હેઠળનાં રાજ્ય/ કેન્દ્રિય સત્તાધિકારીનો સંપર્ક કરવાનો રહેશે.

## 15. જી.એસ.ટીમાં એનરોલમેન્ટ સમયે વેપારીશ્રી તેમનાં કરવેરા સલાહકારનું ઇ-મેઇલ સરનામું અને મોબાઇલ નંબર આપી શકાશે?

ના, વેપારીશ્રી તેમનાં કરવેરા સલાહકાર કે અન્ય કોઇનાં ઇ-મેઇલ સરનામા અને મોબાઇલ નંબર આપી શકશે નહી. વેપારીશ્રીએ તેમનું અથવા તેમનાં દ્વારા અધિકૃત કરેલ વ્યક્તિનું ઇ-મેઇલ સરનામું અને મોબાઇલ નંબર પુરા પાડવાનાં રહેશે. ભવિષ્યમાં થનાર પત્રવ્યવહાર/માહિતી ફક્ત રજીસ્ટર મોબાઈલ નંબર અને ઇ-મેઇલ સરનામાં ઉપર જી.એસ.ટી. સિસ્ટમનાં પોર્ટલ મારફતે મોકલવામાં આવશે.

કરવેરા સલાહકારને જી.એસ.ટી. સિસ્ટમમાંથી અલગ યુઝર આઇડી. અને પાસવર્ડ આપવામાં આવશે અને તેઓ આ હેતુ માટે પોતાનાં ઇ-મેઇલ આઈડી. અને મોબાઇલ નંબર આપશે.

## 16. પ્રાથમિક અધિકૃત હસ્તાક્ષરકર્તા કોણ રહી શકશે ?

કરદાતાનાં વતી જી.એસ.ટી. સિસ્ટમ પોર્ટલ પર કાર્ય કરવા માટે મુખ્યત્વે જવાબદાર હોય તે વ્યક્તિ પ્રાથમિક અધિકૃત સહીકર્તા રહેશે. કરદાતાને લગતી દરેક માહિતી જી.એસ.ટી. સિસ્ટમ પોર્ટલ પરથી અધિકૃત સહીકર્તાને મોકલવામાં આવશે. ઉદાહરણ તરીકે: -

**માલિકીનાં કિસ્સામાં:** માલિક પોતે અથવા તેમના દ્વારા અધિકૃત કોઇપણ વ્યક્તિ,

**ભાગીદારી પેઢીનાં કિસ્સામાં:** અધિકૃત કરવામાં આવેલ ભાગીદાર અથવા અધિકૃત કરેલ અન્ય કોઇ પણ વ્યક્તિ,

**કંપની / એલએલપી, સોસાયટી, ટ્રસ્ટના કિસ્સામાં:** બોર્ડ અથવા નિયામક જૂથ દ્વારા અધિકૃત કરેલ વ્યક્તિ, પ્રાથમિક અધિકૃત સહીકર્તા તરીકે કામ કરી શકશે. આ અધિકૃતિની નકલ અપલોડ કરવાની રહેશે.

એક ધધાંમાં એક કરતા વધારે અધિકૃત સહીકર્તાઓ હોય તેવા કિસ્સામાં, કોઈ એક અધિકૃત સહીકર્તાની પ્રાથમિક અધિકૃત હસ્તાક્ષરકર્તા તરીકે નિમણુંક કરવાની રહેશે અને જી.એસ.ટી.ના એનરોલ દરમ્યાન તે વ્યક્તિનું ઇ-મેઇલ સરનામું અને મોબાઇલ નંબર પૂરા પાડવાનાં રહેશે.

એક વ્યવસાય માટે ફક્ત એક અધિકૃત હસ્તાક્ષરકર્તા હોય તેવા કિસ્સામાં, તેમને પ્રાથમિક અધિકૃત હસ્તાક્ષરકર્તા તરીકે ગણવામાં આવશે.

## 17. OTP કેટલા સમય માટે માન્ય રહેશે?

ઇ-મેઇલ અને મોબાઇલ નંબર પર મોકલવામાં આવેલ OTP ૧૫ મિનિટ માટે માન્ય રહેશે, જેની માન્યતા ૧૫ મિનિટ બાદ પુર્ણ થશે.

## 18. મોબાઇલ નંબર ઉપર One Time Password (OTP) મળેલ નથી ? હવે મારે શું કરવું?

જી.એસ.ટી. સિસ્ટમ પોર્ટલ પરથી OTP તમારા રજીસ્ટર મોબાઈલ નંબર અને ઈ- મેઇલ સરનામા પર મોકલવામાં આવશે. જો ૧૫ મિનિટમાં OTP ન મળે તો, તમે Resend OTP બટન ક્લિક કરીને ફરીથી તેને મેળવી શક્શો.

## 19. જો મને "Resend OTP" બટન ઉપર ક્લિક કર્યા પછી પણ OTP ન મળે તો શું કરવું?

"Resend OTP" બટન પર ક્લિક કર્યા પછી પણ તમારા મોબાઇલ નંબર પર એસ.એમ.એસ. મારફતે OTP ન મળે તો, કૃપા કરીને તમે પૂરો પાડેલ મોબાઇલ નંબર સાચો છે કે કેમ તે ચકાસો.

"Resend OTP" બટન પર ક્લિક કર્યા પછી પણ તમારા ઇ-મેઇલ સરનામા પર OTP ન મળે તો, કૃપા કરીને તમે દાખલ કરેલ ઇ-મેઇલ સરનામું યોગ્ય છે કે કેમ અને ઇન્ટરનેટ અને મોબાઇલ નેટવર્ક ઉપલબ્ધ છે તેની ચકાસણી કરો.

## 20. શા માટે બે અલગ OTP ઇ-મેઇલ અને મોબાઇલ પર મળે છે?

ઇ-મેઇલ સરનામા અને મોબાઇલ નંબરની અધિકૃતતાની ચકાસણી માટે તેનાં પર અલગ OTP મોકલવામાં આવે છે. ભવિષ્યનાં બધા પત્રવ્યવહાર જી.એસ.ટી. સિસ્ટમ પોર્ટલ પરથી આ રીતે નોંધયેલ ઇ-મેઇલ સરનામા અને મોબાઇલ નંબર પર મોકલવામાં આવશે, જેથી મોબાઇલ નંબર અને ઇ-મેઇલ સરનામા બંનેને અધિકૃત/માન્ય કરવાની જરૂર રહેશે.

## 21. મને મારા મોબાઇલ પર OTP મળેલ છે. મોબાઇલ પર મળેલ આ OTP હું verification page માં ઇ-મેઈલ OTP અને મોબાઇલ OTP માં દાખલ કરું છું? શું આ બન્ને OTPs અલગ છે?

તમને ઇ-મેઇલ સરનામા અને મોબાઇલ નંબર પર બે અલગ-અલગ One Time Password (OTP) મળેલ હોવા જોઇએ. ઇ-મેઇલ સરનામા અને મોબાઇલ ઉપર મળેલ OTP ને અનુક્રમે ઇ-મેઇલ OTP ના ખાનામાં અને મોબાઇલ OTP ના ખાનામાં દાખલ કરવો. ઇ-મેઇલ અને મોબાઇલ OTP ના ખાનામાં એક જ OTP દાખલ કરેલ હશે તો, તમારી માન્યતાની પ્રક્રિયા ભૂલ (error) સાથે નિષ્ફળ રહેશે.

## 22. જી.એસ.ટીમાં એનરોલમેન્ટ સમયે કઈ વિગતો પહેલેથી ભરેલી દેખાશે ?

નીચેની વિગતો હાલની માહીતી પરથી એનરોલમેન્ટ ફોર્મમાં પહેલેથી ભરેલી દેખાશે.

- ધંધાનો પાન નંબર
- ધંધાનુ લીગલ નામ
- રાજ્ય
- નોંધણી નંબર મેળવવાની જવાબદારીનું કારણ
- જી.એસ.ટી સિસ્ટમ પોર્ટલમાં એનરોલમેન્ટ સમયે દાખલ કરેલ પ્રાથમિક અધિકૃત હસ્તાક્ષરકર્તાનુ ઇ-મેઇલ સરનામું અને મોબાઇલ નંબર.

## 23. એનરોલમેન્ટ અરજીના ફોર્મેટમાં જે ફિલ્ડની બાજુમાં દર્શાવેલ લાલ ફૂદડી (*) શેના માટે છે?

લાલ ફૂદડી (*) ફરજિયાત ભરવાનું રહેતું ખાનું સૂચવે છે. કોઈપણ ખાનામાં દર્શાવેલ લાલ ફૂદડીનું ચિહ્ન એનરોલમેન્ટ અરજીમાં આગળ વધવા ભરવું ફરજીયાત છે, તેમ દર્શાવે છે.

## 24. એનરોલમેન્ટ અરજીમાં કાનૂની નામ, રાજ્ય નામ અને પાન નંબરમાં ફેરફાર કરી શકાશે?

એનરોલમેન્ટ અરજીમાં કાનૂની નામ, રાજ્ય નામ અને પાન નંબરમાં ફેરફાર કરી શકાતા નથી. આ વિગતો રાજ્ય અથવા કેન્દ્ર ના હાલના તંત્રમાંથી તબદીલ કરવામાં આવી છે.

## 25. રાજ્યનુ કાર્ય અધિકારક્ષેત્ર કેવી રીતે શોધી શકાય?

રાજ્યનુ કાર્ય અધિકારક્ષેત્ર શોધવા માટે વેટ નોંધણી પ્રમાણપત્રનો સંદર્ભ લેવાનો રહે છે. હાલના વેટ નોંધણી પ્રમાણપત્રમાં દર્શાવેલ કાર્ય અધિકારક્ષેત્ર મુજબ સરખું જ હશે.

## 26. હું મારું ઘટક / વર્તુળ / ડિવિઝનને કેવી રીતે શોધી શકું ?

વેટ રજીસ્ટ્રેશન સર્ટિફીકેટને ધ્યાને રાખી રાજયના કાર્યક્ષેત્રને શોધો. આ કાર્યક્ષેત્ર તમારા વેટ રજીસ્ટ્રેશન સર્ટિફીકેટમાં દર્શાવેલ ઘટક / વર્તુળ/ ડિવિઝન છે તે પ્રમાણે જ છે.

## 27. હું મારું કેન્દ્રિય કાર્યક્ષેત્ર કેવી રીતે શોધું ?

જો તમો સેન્ટ્રલ એકસાઇઝમાં નોંધણી નંબર મેળવેલ હોય તો કેન્દ્રિય કાર્યક્ષેત્રને શોધવા માટે રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની ચકાસણી કરો.

જો તમે ફકત વેટમાં રજીસ્ટર વેપારી હો તો મુખ્ય ધંધાના સ્થળના સરનામાના આધારે કેન્દ્રિય કાર્યક્ષેત્રે શોધવું. તમો CBEC ની વેબસાઇટ www.cbec.gov.in પરથી વિગતો મેળવી શકશો.

(ચકાસો URL - http://www.cbec.gov.in/resources//htdocs-cbec/deptt offcr/cadre-restruct/cadre-restructg-notifications.pdf)

## 28. હું મારા દસ્તાવેજો (પુરાવાઓ) અપલોડ કરી શક્તો નથી,કેમ?

તમો પ્રથમ તમારી ઇન્ટરનેટ કનેકટીવીટીને ચકાસો. તમારા દસ્તાવેજનું ફોર્મેટ PDF અથવા JPEG ફાઇલમાં મહત્તમ 1 MB ની સાઇઝના છે કે નહીં તેની ખાત્રી કરો. ફોટોગ્રાફના કિસ્સામાં ફાઇલનું ફોર્મેટ JPEG માં મહત્તમ સાઇઝ 100 KB હોવી જોઇએ.

## 29. ફોર્મ ભરતી વખતે મે ધંધાની વિગતોના પેજ પર તમામ વિગતો ભરેલ છે, છતા હાલમાં તમામ ફિલ્ડ કોરા (Blank) દેખાય છે,કેમ?

તમામ વિગતો ભર્યા બાદ તમારે દરેક પેજને Save કરવુ જરૂરી છે. ભરેલ વિગતોને Save કરવા માટે પેજના બોટમ પર દરેક વખતે Save & Continue બટન પર કલીક કરો અને ત્યાર બાદ આગળની ડિટેઇલ્સ Other tab થી ભરો.

## 30. DIN શું છે?

DIN એટલે Director Identification Number જે કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા કંપનીના ડિરેક્ટર્સને ઓળખ હેતુ માટે આપવામાં આવેલ છે. તમારા DIN ને જાણવા માટે કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા આપવામાં આવેલ DIN ફાળવણી પત્રનો સંદર્ભ મેળવો અથવા www.mca.gov.in.(MCAપોર્ટલ)ની મુલાકાત લો.

## 31. મારી પાસે મારો આધાર નંબર નથી. શું આધાર નંબર આપવો ફરજીયાત છે?

એનરોલમેન્ટ અરજી ભરતી વખતે આધાર નંબર આપવો ફરજીયાત નથી. છતાં પણ જી.એસ.ટી સિસ્ટમ પોર્ટલ પર એનરોલમેન્ટ અરજી સબમીટ કરવા માટે તમારે ડીજીટલ સિગ્નેચર સર્ટિફિકેટ (DSC) અથવા આધાર બેઝ ઇ-સહી નો ઉપયોગ કરવાનો રહેશે.

## 32. ધંધાનું મુખ્ય સ્થળ શું છે?

મુખ્ય ધંધાનું સ્થળ એ રાજયની અંદર એવું પ્રાથમિક ધંધાકીય સ્થાન છે કે જ્યાં ટેક્ષપેયર ધંધો કરે છે. સામાન્ય રીતે મુખ્ય ધંધાકીય સ્થળ એ છે કે જ્યાં ધંધાના હિસાબી સાહિત્ય રાખવામાં આવતા હોય, ધંધાની પેઢીનુ વડુ મથક હોય અથવા ટોચનું મેનેજમેન્ટ સ્થાયી થયેલ હોય.

## 33. ધંધાનુ વધારાનું સ્થળ શું છે?

મુખ્ય ધંધાના સ્થળ ઉપરાંત ટેક્ષપેયર રાજયની અંદર જયાંથી ધંધાકીય સંબંધિત પ્રવૃતિઓ ચલાવતા હોય તે સ્થળને વધારાનું ધંધાનુ સ્થળ કહેવાય.

## 34. HSN અને SAC કોડ શું છે?

HSN એટલે (Harmonized System of Nomenclature) કે જે માલના વર્ગીકરણની એકરૂપતા જાળવવા માટેની આંતરરાષ્ટ્રીય સ્વીકાર્ય ઉત્પાદન કોડીગ સીસ્ટમ છે.

SAC (Service Accounting Codes) એ સેવાની ઓળખ માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ એક્સાઇઝ અને કસ્ટમ (CBEC) દ્વારા અપનાવાયેલ છે.

## 35. જી.એસ.ટી સીસ્ટમ પોર્ટલ પર એનરોલમેન્ટ કરતી વખતે મારે કયા બેંક ખાતાની વિગત આપવી જોઇએ?

ધધાકીય વ્યવહારો ચલાવવાના હેતુસર જે બેંક ખાતુ ઉપયોગમાં લેવામાં આવતુ હોય તેની વિગત જી.એસ.ટી સીસ્ટમ પોર્ટલ પર એનરોલમેન્ટ કરતી વખતે તમારે અચુક આપવી જોઇશે.

## 36. મારી પાસે એક કરતા વધારે બેંક ખાતા છે. શું જી.એસ.ટી સીસ્ટમ પોર્ટલ પર એનરોલમેન્ટ કરતી વખતે તમામ વિગતો હું આપી શકું?

જી.એસ.ટી સિસ્ટમ પોર્ટલ પર એનેરોલમેન્ટ કરતી વખતે તમો મહ્ત્તમ ૧૦ બેંક ખાતાની વિગતો આપી શકો.

## 37. શું એનરોલમેન્ટ માટે ડીજીટલ સિગ્નેચર સર્ટીફિકેટ (DSC) ફરજીયાત છે?

DSC નીચે મુજબની કંપનીઓ માટે ફરજીયાત છે.

- વિદેશી કંપની,
- લીમીટેડ જવાબદારી વાળી ભાગીદારી (LLPS)
- લીમીટેડ જવાબદારી વાળી વિદેશી ભાગીદારી (FLLPS).
- જ્યારે અન્ય ટેક્ષપ્રેયર્સ  માટે DSC વૈકલ્પિક છે.

## 38. મારું DSC (ડિજીટલ સિગ્નેચર સર્ટિફિકેટ) જી.એસ.ટી સીસ્ટમ પોર્ટલ પર રજિસ્ટર નથી. તો હું એનરોલમેન્ટ અરજી DSC થી સબમીટ કરી શકીશ ?

જો તમારું DSC જી.એસ.ટી સીસ્ટમ પોર્ટલ પર રજિસ્ટર હશે નહીં તો તમો એનરોલમેન્ટ અરજી સબમીટ કરી શકશો નહીં. જેના માટે આપે જી.એસ.ટી સીસ્ટમ પોર્ટલ પર "Register your DCS" લીંક પર કલીક કરી DCS ને રજિસ્ટર કરાવવું જોઇશે.

## 39. હું મારા DCS ને જી.એસ.ટી પોર્ટલ પર કેવી રીતે રજિસ્ટર કરાવું?

જો તમારી પાસે માન્ય DCS હોય તો. તમે જી.એસ.ટી સીસ્ટમ પોર્ટલની મુલાકાત લઇ "Register your DCS" લીંકને કલીક કરવાની રહેશે. DCS ધારકના PAN ને CBDT ના ડેટા બેઝ સાથે મેચ કરવામાં આવશે. વેરીફિકેશન બાદ યુઝર્સે સર્ટિફિકેટની લીંક સીલેક્ટ કરવાની રહેશે. કે જેનાથી રજિસ્ટર થવાશે. ફકત Class-2 અને Class-3 DCS જ જી.એસ.ટી સીસ્ટમ પોર્ટલ પર રજિસ્ટર થઇ શકશે.

## 40. E-Sign શું છે? તે કેવી રીતે કાર્ય કરે છે?

E-Sign એટલે (Electronic Signature). E-Sign એ ઓનલાઇન ઇલેક્ટ્રોનિક સીગ્નેચર સર્વિસ છે. તે આધાર ધારકને દસ્તાવેજને ડિજીટલી સહી કરવાની સુવિધા પૂરી પાડે છે. જો અરજદાર E-Sign સર્વિસીસ ના ઉપયોગ ધ્વારા ઇલેક્ટ્રોનિક સહીનો વિકલ્પ પસંદ કરે તો નીચે પ્રમાણેના પગલાં અનુસરવા જોઇશે.

ટેક્ષપેયર E-Sign બટન પર કલીક કરવાનુ રહેશે.

સીસ્ટમ દ્વારા અધિકૃત સહીકર્તાનો આધાર નંબર પૂછવામાં આવશે.

1. આધાર નંબરની ચકાસણી થયા બાદ જી.એસ.ટી સીસ્ટમ પોર્ટલ દ્વારા UIDAI સીસ્ટમને OTP (One time password) મોકલવા Request મોકલવામાં આવશે.
2. UIDAI સીસ્ટમ દ્વારા આધાર નંબરની સામે રજિસ્ટર મોબાઇલ અને ઇ-મેઇલ પર OTP મોકલવામાં આવશે.

   સીસ્ટમ દ્વારા OTP એન્ટર કરવા જણાવાશે.

   યુઝર્સ દ્વારા OTP એન્ટર કરી દસ્તાવેજો પૂરા પાડવા જોઇશે. ઇ-સહી પ્રક્રિયા પૂર્ણ થઇ.

## 41. એનરોલમેન્ટ માટેની અરજી સબમીટ કરવા પર કોઇ રકમ ચુકવવાની રહેશે કે કેમ ?

ના, જી.એસ.ટી સિસ્ટમ પોર્ટલ પર એનરોલમેન્ટ માટેની અરજી કરવા પર કોઇ રકમ ચુકવવાની રહેશે નહિ.

## 42. ARN શુ છે?

ARN એટલે Application Reference Number કે જે ઇ-સહી / ડિઝીટલ સહિ સાથે કરેલ એનરોલમેન્ટ અરજી ના સબમીશન બાદ જનરેટ થશે. તે એક યુનિક નંબર છે કે જે જી.એસ.ટી સિસ્ટ્મ પોર્ટલ પર પૂર્ણ થયેલ દરેક વ્યવહાર માટે ફાળવવામાં આવે છે. જી.એસ.ટી.એન સાથેના ભવિષ્યમાં કોઇ વ્યવહાર માટે એઆરએન નંબરનો ઉપયોગ થઇ શકે છે.

## 43. ARN નુ ફોર્મેટ શુ છે ?

**Format of ARN**

| AA | 07 | 07 | 16 | 000000 | 1 |
|---|---|---|---|---|---|
| Alphabets | State Code | Month | Year | Six digit-System generated code | Check sum |

## 44. હુ હાલ સેન્ટ્રલ એક્સાઇઝ/સર્વિસ ટેક્ષ અને વેટ કાયદા હેઠળ નોંધાયેલ કરદાતા છુ. મોડલ જી.એસ.ટી કાયદા અનુસાર જી.એસ.ટી.એન દ્વારા નક્કી થયેલ અરજીમાં માંગ્યા મુજબની તમામ વિગતો મારા દ્વારા સફળતાપુર્વક રજુ કરવામાં આવેલ છે. હવે મારે આગળ શુ કાર્યવાહી કરવાની રહે?

જી.એસ.ટી સિસ્ટમ પોર્ટલ પર એનરોલમેન્ટની અરજી સફળતાપુર્વક સબમીટ કર્યા બાદ ARN (એપ્લીકેશન રેફરન્સ નંબર) જનરેટ થશે. આ ARN ના આધારે તમો તમારી અરજી નુ સ્ટેટસ જાણી શકશો.

## 45. હજી સુધી મને ARN (એપ્લીકેશન રેફરન્સ નંબર) મળેલ નથી. હવે મારે શુ કરવુ?

જો ૧૫ મિનિટના સમયગાળામાં એઆરએન ના મળે, તો તમને આગળની કાર્યવાહી અંગેની વિગતવાર સૂચના તમારા નોંધાયેલ ઇ-મેઇલ આઇ ડી પર ઇ-મેઇલથી મોકલવામાં આવશે.

## 46. અરજીમાં વિગતો ભરતા સમયે જો ઇન્ટરનેટ કનેક્શન ખોરવાઇ જાય. તો હવે મારુ સેવ કરેલ એનરોલમેન્ટ ફોર્મ કઇ રીતે પાછુ મેળવી શકીશ?

સેવ કરેલ એનરોલમેન્ટ ફોર્મ પાછુ મેળવવા, માન્ય ઓળખ દ્વારા તમે જી.એસ.ટી સિસ્ટમના પોર્ટલ પર લોગીન કરો. ત્યાર બાદ Dashboard નામના વિકલ્પમાં My saved application નામના મેનુ માં જાઓ. જ્યા સેવ કરેલ એનરોલમેન્ટ ફોર્મ પાછુ મેળવવા માટે Edit બટન પર ક્લિક કરો.

## 47. પાન વેલિડેશન દરમ્યાન મિસમેચ અંગેનો ઇ-મેઇલ મને મળેલ છે. હવે મારે શુ કરવુ?

તમે જી.એસ.ટી સિસ્ટમના પોર્ટલ પર લોગીન કરો અને તમારા પાનની તમામ વિગતો ભરી ફરીથી એનરોલમેન્ટ એપ્લીકેશન સબમીટ કરો.

## 48. મારુ DSC Expired/Revoked થયેલ છે? હવે મારે શુ કરવુ ?

તમારા માન્ય DSC સાથે તમારે જી.એસ.ટીમાં ફરીથી રજીસ્ટર કરવાની જરૂરીયાત રહેશે. માન્ય ઓળખથી જી.એસ.ટી સિસ્ટમ પોર્ટલમાં લોગીન કરો. ત્યાર બાદ Dashboard > Register / Update DSC નામના મેનુમા જાઓ. રદ થયા અંગેના કિસ્સામાં બીજુ માન્ય DSC જી.એસ.ટી સિસ્ટમ પોર્ટલમાં રજીસ્ટર કરી શકાય છે.

## 49. શુ કોઇ હેલ્પડેસ્કની સુવિધા ઉપલબ્ધ છે?

હા, હેલ્પડેસ્ક ની સુવિધા ઉપલબ્ધ છે અને તે જી.એસ.ટી સિસ્ટમ પોર્ટલમાં દર્શાવવામાં આવેલ છે.

# ભાગ-સી: નિયત તારીખ (Appointed Date) બાદની કાર્યવાહી

## 50. શુ એનરોલમેન્ટની અરજી રદ થઇ શકે છે ?

હા, અરજદાર દ્વારા DSC/E-sign દ્વારા ખોટા/બનાવટી/અધુરા પુરાવા રજુ કરેલ હશે/ અપલોડ કરેલ હશે તો જી.એસ.ટી સિસ્ટમ પોર્ટલ ધ્વારા તમારી એનરોલમેન્ટ અરજી રદ થઇ શકે છે. તેમ છતા, અરજદાર કે જે જ્યાં હાજર થાય ત્યાં તેનો / તેણીનો પક્ષ રજુ કરવાની વાજબી તક આપવામાં આવશે.

## 51. એનરોલમેન્ટ એપ્લીકેશન સબમીટ કર્યા બાદ હું તેમાં સુધારો કરી શકુ?

અમલી તારીખ પછીથી આપ એનરોલમેન્ટ અરજીમાં સુધારો કરી શક્શો.

## 52. એનરોલમેન્ટના સમયે આપેલ મોબાઇલ નંબર તેમજ ઇ-મેઇલ આઇડી માં સુધારો કરી શકાય?

અમલી તારીખ પછીથી સુધારાની પ્રક્રિયા દ્વારા આપ એનરોલમેન્ટ અરજીમાં આપેલ મોબાઇલ નંબર તેમજ ઇ-મેઇલ આઇડી માં સુધારો કરી શક્શો.

## 53. હું ક્યારે કામચલાઉ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર મેળવી શકું?

જો તમોએ  એનરોલમેન્ટ અરજી સફળતાપૂર્વક સબમીટ કરેલ હશે તો અમલી તારીખથી તમારા ડેશબોર્ડ પર જોવા મળશે.

## 54. હું કયારે અંતિમ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર મેળવી શકું ?

અમલી તારીખથી ૬ માસની અંદર આપના કાર્યક્ષેત્ર ના રાજયના અથવા કેન્દ્રિય અધિકારી દ્વારા પુરાવાની ચકાસણી થયા બાદ અંતિમ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર મળી શકશે.

## 55. મારે એક રાજયમાં એક કરતા વધારે ધંધા એક જ PAN પર છે તો શું GST માં મારે તમામ અલગ અલગ ધંધા માટે એનરોલમેન્ટ કરવું જોઇએ?

રાજયમાં એક PAN માટે એક જી.એસ.ટી રજીસ્ટ્રેશનની મંજૂરી મળવાપાત્ર છે, તો તમારે પ્રથમ એક ધંધાકીય પ્રવૃતિ માટે પ્રથમ રજિસ્ટર થવુ જોઇએ. ત્યારબાદના વધારાના વર્ટીકલ ધંધાકીય રજીસ્ટ્રેશન માટે તમોએ તમારા કાર્યક્ષેત્રના સત્તાધિકારીના સંપર્કમાં રહેવુ.

## 56. **ISD નોંધણી નંબર એટલે શું ?**

ISD એટલે Input Service distributor છે. Input Service distributor નો અર્થ એવો છે કે વ્યક્તિ કે જે તેની શાખાઓને કે જ્યાં ખરેખર સેવા પૂરી પડાયેલ છે તેને વડી કચેરીથી સેવા મેળવવાની બાબતે બિલના સંદર્ભે ક્રેડીટની વહેંચણી કરે છે. બીલ એટલે મોડલ ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ એકટની કલમ-૨૩ હેઠળ પુરુ પડાયેલ બીલ હાલમાં આપ ISD રજીસ્ટ્રેશન ધરાવતા હશો તે માઇગ્રેટ થવાના નથી. જી.એસ.ટી કાયદાની અમલવારી શરૂ થવાના સમયે આપશ્રીએ નવેશરથી ISD માટે અરજી કરવાની રહેશે અને કેન્દ્રિય કાર્યક્ષેત્ર હેઠળના સત્તાધિકારીને જાણ કરવાની રહેશે.